આચાર્ય પ્રકાશ રાઠવા વિરુદ્ધ હોબાળો મચાવ્યો અને શાળાને તાળાબંધી કરી

## સાવલીની લામડાપુરા પ્રા. શાળામાં તાળાબંધી, મુખ્ય શિક્ષક પર દારૂ પીને શાળામાં આવવાના ગંભીર આક્ષેપ

**ગ્રામજનોનો હોબાળો,** વિદ્યાર્થીઓને શાળા ખાલી કરાવી પંચાયત રૂમમાં બેસાડ્યા

**તાલુકાના શિક્ષણ** તંત્રને લાંછનરૂપ ઘટના

(પ્રતિનિધિ) સાવલી, તા.23

સાવલી તાલુકાના લામડાપુરા ગામની પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક પર દારૂ પી ને શાળામાં આવવાના ગંભીર આક્ષેપો સાથે ગ્રામજનોએ શાળાને તાળાબંધી કરતાં સમગ્ર તાલુકાના શિક્ષણ જગતમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનાથી તાલુકાનું પ્રાથમિક શિક્ષણ ફરી એકવાર વિવાદના ઘેરામાં આવ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ, લામડાપુરા ગામની પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક પ્રકાશ રાઠવા વિરુદ્ધ ગ્રામજનોએ આજે ભારે હોબાળો મચાવ્યો હતો. ગ્રામજનોના આક્ષેપ મુજબ મુખ્ય શિક્ષક દારૂ પીને શાળામાં આવતા હતા. આ ઉપરાંત પીવાના પાણીની વ્યવસ્થા, સ્વચ્છતા સંકુલની સફાઈ, બાળકોની સ્કોલરશીપની



દરખાસ્તોમાં ઉદાસીનતા સહિતના મુદ્દાઓને લઈ લાંબા સમયથી નારાજગી ચાલી રહી હતી.

આક્ષેપોનો કોઈ નિકાલ ન આવતા ગ્રામજનોએ શાળામાં પહોંચી વિદ્યાર્થીઓને બહાર કાઢી દીધા હતા અને તેમના બાળકોને તાત્કાલિક રીતે ગ્રામ પંચાયતના રૂમમાં અભ્યાસ માટે બેસાડ્યા હતા. ત્યારબાદ ગ્રામજનોએ શાળાના મુખ્ય દ્વારને તાળું મારી દીધું હતું અને 112 પર ફોન કરીને પોલીસને જાણ કરી હતી.

ગ્રામજનો દ્વારા અગાઉ પણ શિક્ષણ વિભાગને મુખ્ય શિક્ષકની બદલી કરવા મૌખિક રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ કોઈ કાર્યવાહી ન થતાં અંતે આ રોષભર્યો વિરોધ થયો હોવાનું જણાવાયું છે. ઘટનાની જાણ થતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો, જ્યાં સમાજના અગ્રણીઓ અને મુખ્ય શિક્ષકના પરિવારજનો દ્વારા હવેથી મુખ્ય શિક્ષક લામડાપુરા શાળામાં ફરજ પર નહીં આવે તેવી ખાતરી આપવામાં આવતા મામલો સમાધાનના માર્ગે ગયો હતો.

બોડેલી પોલીસ સ્ટેશનના પ્રોહી બિશનના ગુનામાં કાર્યવાહી

## નાસતા ફરતા આરોપીને પકડી પાડતી છોટાઉદેપુર લોકલ ક્રાઈમ બ્રાન્ચ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.23

છોટાઉદેપુર જિલ્લાના એમ.એફ. ડામોર પોલીસ ઈન્સ્પેકટર લોકલ ક્રાઈમ બ્રાન્ચ છોટાઉદેપુર નાઓએ એલ.સી.બી સ્ટાફના પોલીસ કર્મચારીઓને સુચના આપેલ જે અન્વયે એલ.સી.બી સ્ટાફના પોલીસ કર્મચારીઓ છોટાઉદેપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન એલ.સી.બી પો.ઈન્સશ્રી નાઓએ ટેલીફોનથી સમજ કરેલ કે., બોડેલી પોલીસ સ્ટેશન સી.પાર્ટ .૧૧૧૮૪૦૦ ૧૨૫૦૬૧૧ /૨૦૨૫ પ્રોહી| કલમ-૬૫(એ)(ઇ),૯૮ (૨),૮૧, ૮૩ તથા બી.એન. એસ ૨૦૨૩ કલમ-૩૩૬ (૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૬૧| મુજબના



ગુનાના કામે નાસતો ફરતો આરોપી છોટાઉદેપુર ફતેપુરા બસ સ્ટેન્ડ પાસે ઉભેલ છે અને તેણે બદનમાં કાળા કલરનો સફેદ પટ્ટા વાળો શર્ટ તથા કમરમાં વાદળી કલરનું જીન્સનુ પેન્ટ પહેરેલ છે. તેવી હકીકત મળેલ જે બાતમી હકિકત આધારે છોટાઉદેપુર ફતેપુરા બસ સ્ટેન્ડ પાસે જતા બાતમી હકીકતમાં જણાવ્યા મુજબના વર્ણનવાળો માણસ મળી આવતા તેને કોર્ડન કરી પકડી લીધેલ અને પકડાયેલ ઈસમને નામ-ઠામ પુછતા તેણે પોતાનું નામ નાનીયાભાઈ ઉર્ફે ધનસિંગભાઈ ભલજીભાઈ રાઠવા ઉ.વ.૨૬ રહે.બેડવી પટેલ ફળીયા તા.જી.છોટાઉદેપુર તેની અંગઝડતી તપાસ કરતા તેની પાસે કોઇ ચીજ વસ્તુ મળી આવેલ નહી સદર પકડાયેલ ઈસમની પુછપરછ કરતા હકીકત જણાવેલ કે આજથી દસેક માસ પહેલા તેઓ તથા તેનો મિત્ર ગોરધનભાઈ માલસિંગભાઈ રાઠવા રહે.સ્ત્રત્રોલી તા.જી.છોટાઉદેપુર નાનો હુન્ડાઈ કંપનીની ક્રેટા રજી. નં.GJ-25-J-5652 ગાડીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી બોડેલી રેલ્વે ફાટક પાસે પકડાયેલ.

સાવલી પોલીસે ઓપરેશન પરાક્રમ અંતર્ગત અસ્થિર મગજના ઇસમના વાલીને શોધી આપ્યા

## અસ્થિર મગજના ઈસમને હેમખેમ પરિવાર સાથે મિલન કરાવતા ભારે ભાવુક દ્રશ્યો સર્જાયા

(પ્રતિનિધિ) સાવલી, તા.23

જિલ્લા પોલીસ હાલ ઓપરેશન પરાક્રમ અંતર્ગત વિવિધ પ્રજાલક્ષી કાર્યવાહી કરી રહી છે અને પોલીસ વધુને વધુ પેટ્રોલિંગમાં રહીને ગેરકાળદેસર પ્રવૃત્તિઓ નાથે તેવી સૂચનાઓ આપવામાં આવેલ છે તેના પગલે સાવલી પોલીસ સ્ટાફ નગરમાં પેટ્રોલિંગ માં હતો અધિક પ્લાઝા કોમ્પ્લેક્સ પાસે એક અસ્થિર જેવા મગજનો પુરુષ આમતેમ ચાલતો હતો જેથી તેની પૂછપરછ કરતા તેને પોતાનું નામ કૌશિક અને અન્ય ત્રણ ચાર નામો જણાવ્યા જેના પગલે અસ્થિર મગજના હિસાબને પોલીસ સ્ટેશન ખાતે લાવીને



પીઆઇ કે જે ચૌહાણ એ તેની તપાસ કરતા તેની પાસે મોબાઈલ ફોન ડોક્યુમેન્ટ મળી આવેલ નહીં તથા તેની વિગતવાર પૂછપરછ કરતા તે દેવગઢબારિયા બાજુનો હોય તેવું જણાવતો હતો.

પરંતુ અન્ય કોઈ હકીકત જણાવતો ન હતો તેના પગલે પોલીસ ટીમને પણ રૂના ઢગલામાં સોય શોધવા બરાબર કપડું કામ હતું પરંતુ સાવલી પોલીસ મથકના સિનિયર હેડ કોસ્ટેબલ લાલ બહાદુર સિંહ મહિડાં તથા અન્ય પોલીસ જવાનોએ આ ઈસમના વાલી વારસોને શોધવા માટે દેવગઢ બારીયા ખાતે સોશિયલ મીડિયામાં શેર કર્યો હતો અને આજુબાજુમાં ગામોમાં તપાસ કરાવી હતી તેના પગલે જણાઈ આવેલ કે આ ઈસમનું નામ કૌશિકભાઇ ભરતસિંહ પગી રહે દેવગઢબારિયા હરિઓમ નગર મારુતિ સુઝુકી શોરૂમ ની બાજુમાં જીલ્લો દાહોદ હોવાનું માલુમ પડ્યું હતું પોલીસની ટીમને પરિવારનો સંપર્ક કરીને સાવલી પોલીસ મથકે બોલાવીને પરિવારનું મિલન કરાવતા ભારે ભાવુક દ્રશ્યો સર્જાયા હતા.

ક્વાંટ તાલુકાની રાયસિંગપુરા પ્રાથમિક શાળામાં કાર્યક્રમ

## આદિવાસી પરંપરા સાથે 3 શિક્ષકોને વિદાય



(પ્રતિનિધિ) ક્વાંટ, તા.23

ક્વાંટ તાલુકાની રાયસિંગપુરા પ્રાથમિક શાળામાં હેમંત પટેલ 10 વર્ષ અને 10 મહિના, અજય પરમાર 8 વર્ષ અને 11 મહિના, કોશિકભાઈ નાયક 8 વર્ષની શિક્ષક તરીકે ફરજ બજાવી અન્ય શાળામાં બદલી થતાં ગ્રામજનો દ્વારા વિદાય કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યો.

જેમાં ગ્રામજનો દ્વારા શિક્ષકોને આદિવાસી પહેરવેશ સાથે તિર કામથી સાથે ઢોલ નગરા સાથે ગામમાં નૃત્ય સાથે રેલી કરી વિદાય કરવામાં આવી. છોટાઉદેપુર જિલ્લા ભાજપ મહામંત્રી અને રાયસીંગપુરા ના વતની મુકેશભાઇ રાઠવાએ શિક્ષકોને શુભેચ્છા પાઠવી છે.

નસવાડી અને બોડેલી વચ્ચે સિમલઘોડા ગામ પાસે ભંગાણ

## નર્મદા મેઈન કેનાલની ક્રોંક્રિટ દિવાલમાં ગાબડું

(પ્રતિનિધિ) નસવાડી, તા.23

નસવાડી અને બોડેલી વચ્ચે સિમલઘોડા ગામ પાસે નર્મદા મેઈન કેનાલ ના કોક્રેટ ની દિવાલ ના ભાગ માં ગાબડું પડતા માટી ધોવાણ થઈ રહ્યું છે. જ્યારે નર્મદા મેઈન કેનાલ માં પાણી હિલોળા મારી રહ્યું છે ગાબડું મોટું પડે તો ભારે તબાહી મચાવે તેમ છે.

નસવાડી બોડેલી વચ્ચે નર્મદા મેઈન કેનાલ માં સિમલઘોડા ગામ પાસે કેનાલ માં કોક્રેટ ની દિવાલ ધોવાતા હાલ ગાબડું પડ્યું છે અને ધીમે ધીમે ગાબડું મોટું થઈ રહ્યું છે અને જોખમી બની રહ્યું છે કેનાલ માં 20 મીટર થી વધુ ઉંડાઈ માં પાણી જઈ રહ્યું છે અને ગેટ ની



નજીક માં ગાબડું હોવાથી પાણી ના હિલોળા ગાબડા માં વાગી રહ્યા છે જેના કારણે આ ગાબડું જોખમી સાબિત થઈ શકે તેમ છે હાલ તો નર્મદા નિગમ ના અધિકારીઓ આ ગાબડા ને રિપેર કરાવવા માટે કાર્યવાહી કરવી જોઈએ કારણ કે આ કેનાલ તૂટે તો નજીક ના 30 થી 40 ગામોમાં તબાહી મચે તેવી સ્થિતિ છે.

નર્મદા નિગમ ના અધિકારીઓ હરરોજ પેટ્રોલિંગ કરે છે પરંતુ તેઓ ધ્યાન આપતા નથી ગાડી લઈને આવે છે સરકાર ના હજારો રૂપિયા ડીઝલ ના વાપરે છે ત્યારે આટલું મોટું ગાબડું વિઝિટ કરવા આવતા અધિકારીઓને દેખાતું નથી તેનો આ વરવો નમૂનો છે નર્મદા નિગમ ના અધિકારીઓ હરહંમેશા નુકશાન થયા પછી દોડધામ મચાવે છે ગુજરાતી માં એક કહેવત છે ઘોડા છૂટી ગયા પછી તબેલા ને તાળા મારે છે તે કહેવત નર્મદા નિગમ ના અધિકારીઓ સાર્થક કરવા માંગતા હોય તેવું લાગી રહ્યું છે ત્યારે વહેલી તકે આ ગાબડા ને રિપેર કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

પટેલ શીવાભાઈ લલ્લુભાઈ સાર્વજનિક વિદ્યાલયમાં કાર્યક્રમ

## ધોરણ 10ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

(પ્રતિનિધિ) સાવલી, તા.23

સાવલી તાલુકાના સમલાયા ગામે શ્રી પટેલ શીવાભાઈ લલ્લુભાઈ સાર્વજનિક વિદ્યાલય આવેલી છે જેમાં આજરોજ ધોરણ 10 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વિદાય તેમજ શુભેચ્છા સમારંભ યોજાયો હતો આગામી સપ્તાહમાં યોજાનાર ધોરણ 10 થી પરીક્ષામાં શાળાના બાળકો સફળતાના સોપાનો સર કરે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી અને વિદ્યાલયના ધોરણ 10 ના 85 વિદ્યાર્થીઓને વિદાય તેમજ શુભેચ્છા પાઠવવામાં આવી હતી આ પ્રસંગે સમલાયા ગ્રુપ કેળવણી મંડળના ટ્રસ્ટી દિનશાભાઈ પટેલ પ્રમુખ પંકજભાઈ પટેલ ઉપપ્રમુખ



જયેન્દ્રભાઈ પટેલ તેમજ શાળાના આચાર્ય અને ટ્રસ્ટી ગણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા આ પ્રસંગે આમંત્રિત મહેમાનોએ વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જગાવ્યો હતો અને વિવિધ સંસ્કૃતિ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓએ પણ હાજરજનોને મંત્ર મુગ્ધ કર્યા હતા આ પ્રસંગે સ્મૃતિ ચિન્હ અર્પણ કરીને વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી

## YAAP ડિજિટલ લિમિટેડનો IPO 25 ફેબ્રુઆરી, 2026ના રોજ ખુલશે

વડોદરા : ઝડપથી વિકસતા માર્કેટિંગ અને એડવર્ટાઈઝિંગ ક્ષેત્રમાં કાર્યરત YAAP ડિજિટલ લિમિટેડ પોતાનો ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (IPO) 25 ફેબ્રુઆરી, 2026ના રોજ ખુલ્લો મુકશે. કંપનીનો IPO NSE Emerge પ્લેટફોર્મ પર લિસ્ટ થવાનો છે અને અપર પ્રાઈઝ બેન્ડ મુજબ આશરે 80.11 કરોડ એકત્ર કરવાનો ઉદ્દેશ ધરાવે છે. આ IPO હેઠળ પ્રત્યેક 10ના અંકિત મૂલ્યના કુલ 55,25,000 ઈક્વિટી શેર ઓફર કરવામાં આવશે. શેરનો પ્રાઈઝ બેન્ડ 138થી 145 પ્રતિ શેર નક્કી કરવામાં આવ્યો છે. લોટ સાઈઝ 1,000 ઈક્વિટી શેરનો રહેશે, જેમાં ઓછામાં ઓછા 2,000 શેર માટે બોલી લગાવી શકાય છે. ઈશ્યુ 25 ફેબ્રુઆરીએ ખુલશે અને 27 ફેબ્રુઆરી, 2026ના રોજ બંધ થશે.

## PM SHRI શાળાનો રાજ્ય બહાર શૈક્ષણિક પ્રવાસ યોજાયો

(પ્રતિનિધિ) પાદરા, તા.23

PM SHRI શાળાના આચાર્ય-શિક્ષકોનો રાજ્ય બહાર શૈક્ષણિક પ્રવાસ – નવી શિક્ષણ પદ્ધતિઓનો અભ્યાસ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020) અંતર્ગત શિક્ષકોની વ્યવસાયિક સજ્જતા વધારવા અને PM SHRI શાળાઓને આદર્શ મોડેલ તરીકે વિકસાવવા હેતુસર વડોદરા જિલ્લાના 25 PM SHRI શાળાઓના અંદાજે 50 આચાર્ય-શિક્ષકો માટે તા. 17 થી 23 ફેબ્રુઆરી, 2026 દરમિયાન રાજસ્થાન રાજ્યનો શૈક્ષણિક પ્રવાસ આયોજનબદ્ધ રીતે યોજાયો હતો. પ્રવાસે જવા પૂર્વે જિલ્લા પ્રોજેક્ટ કોર્ડિનેટર મહેશ પાંડે દ્વારા ડીઈઓ કચેરી, કારેલીબાગ,



વડોદરા ખાતેથી શિક્ષક મંડળને શુભેચ્છાઓ પાઠવી બસને લીલી ઝંડી આપવામાં આવી હતી.

આ પ્રવાસનો મુખ્ય હેતુ NEP-2020 મુજબ નવીન શૈક્ષણિક પદ્ધતિઓ, સ્માર્ટ વર્ગખંડો, પ્રાયોગિક શિક્ષણ, શાળા વ્યવસ્થાપન અને ગુણવત્તા સુધારણા સંબંધિત શ્રેષ્ઠ પ્રયોગોનું અવલોકન કરી પોતાની શાળાઓમાં તેનો અમલ કરવાનું હતું. પ્રવાસ દરમિયાન પ્રતિનિધિમંડળે PM SHRI સરકારી ફતહ ઉચ્ચ માધ્યમિક વિદ્યાલય, ઉદેપુર; PM SHRI સરકારી ઉચ્ચ પ્રાથમિક વિદ્યાલય, મોરાણા (કુંભલગઢ) અને PM SHRI સરકારી ઉચ્ચ માધ્યમિક વિદ્યાલય, કનોઈ (જૈસલમેર) ની મુલાકાત લીધી. રાજસ્થાનની શાળાઓએ ગુજરાતના શિક્ષકોનું ઉષ્માભેર સ્વાગત કરી સન્માન કર્યું હતું. શિક્ષકોએ વર્ગખંડોનું નિરીક્ષણ કર્યું,

## નસવાડી તાલુકાના 8000 જેટલા સ્માર્ટ મીટરો લગાવવામાં આવતા પ્રજા પરેશાન

(પ્રતિનિધિ) નઢવાડી, તા.23

નસવાડી તાલુકાના ગામડાઓમાં 8000 જેટલા સ્માર્ટ મીટરો લગાવવામાં આવ્યા જ્યારે એક તરફ મધ્યગુજરાત વીજકંપની જૂના ચાલુ મીટર કાઢી નાખે છે અને સ્માર્ટ મીટર લગાડી દે છે ત્યારે ગામડાઓમાં વિરોધ કરવામાં આવે છે પરંતુ લોકો ની રજૂઆત સાંભળવામાં આવતી નથી.

નસવાડી તાલુકામાં 210 ગામો આવેલા છે અને મધ્યગુજરાત વીજકંપની દ્વારા તાલુકાના ગામોમાં સ્માર્ટ મીટર લગાવવા માટેની અલગ અલગ ટીમો ઉતારવામાં આવેલી છે અને આખેઆખા ગામના જૂના ચાલુ મીટર કાઢીને નવા સ્માર્ટ મીટર લગાવવામાં આવેલા છે અનેક ગામોમાં વીજ ગ્રાહકો સ્માર્ટ મીટર ના લગાવવા માટે કર્મચારીઓને રજૂઆત કરે છે પરંતુ વીજ મીટર લગાવવા આવેલા મધ્યગુજરાત વીજકંપની ના કર્મચારીઓ લોકો ની રજુઆત સાંભળતા નથી અને સ્માર્ટ મીટર લગાવી દે છે બીજી તરફ ગામડાઓમાં વીજ રીડિંગ સમયસર કરવામાં આવતું નથી એક મહિનો અને પાંચ દિવસ વીતી જાય તો ઓટોમેટિક સ્માર્ટ મીટર માંથી વીજપુરવઠો બંધ થઈ જાય છે ત્યાર બાદ વીજ ગ્રાહક ને વીજબિલ લેવા માટે નસવાડી ખાતે મધ્યગુજરાત વીજકંપની કચેરી ઉપર આવવું પડે છે ત્યાર બાદ વીજ બિલ ભર્યા બાદ સ્માર્ટ મીટર ચાલુ થાય છે જ્યારે વીજ ગ્રાહકો ને સાદા મીટર માં આવી કોઈ સમસ્યા ના હતી.

છોટાઉદેપુર જિલ્લો એ મધ્યપ્રદેશ તથા મહારાષ્ટ્ર રાજ્ય ને અડીને આવેલ આદિવાસી સાંસ્કૃતિક વિરાસત સાચવીને બેઠેલો આદિવાસી

## સરહદી વિસ્તારોમાં આજથી જામશે પારંપારિક ભંગોરીયા હાટનો રંગ

**ભંગોરીયા એ** કોઈ પર્વ કે ઉત્સવ કે મેળા નથી પરંતુ હોળી અગાઉના સપ્તાહમાં વર્ષ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.23

આજથી એક અઠવાડિયા સુધી ઠેરઠેર ભંગોરીયા હાટ ભરાશે.. છોટાઉદેપુર જિલ્લો એ મધ્યપ્રદેશ તથા મહારાષ્ટ્ર રાજ્ય ને અડીને આવેલ આદિવાસી સાંસ્કૃતિક વિરાસત સાચવીને બેઠેલો આદિવાસી બાહુલ્ય ધરાવતો જિલ્લો છે, અહીં ના આદિવાસી સમાજ ની ઉત્સવપ્રિયતા જગજાહેર છે તેમાં નો જ વર્ષ નો ઉત્સવ હોળી છે. હોળી ના એક અઠવાડિયા પહેલા જ્યાં વર્ષ દરમ્યાન ભરાતા સાપ્તાહિક હાટ ભંગોરીયા હાટ તરીકે ઓળખાય છે અને આદિવાસીઓ માટે સામુહિક રીતે હોળી ની ખરીદી માટે ભરાતો પારંપારિક હાટ છે.

ભંગોરીયા હાટની શરુઆત કહેવાય છે કે ભંગોરીયા હાટ ની શરૂઆત મધ્યપ્રદેશ ના ઝાબુઆ જિલ્લા ના ભંગોર રિયાસતના ભીલ રાજવી તત્કાલીન સમયે પૈસા બજાર નહોતું તે સમયે પોતાના રાજ્યની પ્રજા અદલાબદલી પ્રથા દ્વારા સુખસગવડતાની ચીજવસ્તુઓ આદાન પ્રદાન કરી સામુહિક રીતે ખરીદી કરી શકે તે હેતુથી યોજવાનું શરૂ કરાયાનું મનાય છે. ભંગોર રિયાસતના કુસુમોર ભીલ રાજા ની આ શરુઆત થી પ્રેરિત થઈને અન્ય વિસ્તારોમાં પણ હોળી અગાઉના અઠવાડીક હાટ વિશેષ રૂપે ભંગોરીયા હાટ માં તબદીલ





થયા હોવાનું કહેવાય છે.

ભંગોરીયા એ કોઈ ઉત્સવ પર્વ નથી પરંતુ હોળી તહેવાર ખરીદી માટે નો વિશેષ હાટ અહીં છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી સમાજના વાલસિંગભાઈ રાઠવા જણાવે છે કે ભંગોરીયા એ કોઈ પર્વ કે ઉત્સવ કે મેળા નથી પરંતુ હોળી અગાઉના સપ્તાહમાં વર્ષ દરમિયાન ભરાતા અઠવાડીક હાટ એ હોળી ની જીવનજરૂરી ચીજવસ્તુઓ ની ખરીદી માટે ની પારંપારિક વિશેષ હાટ છે, આદિવાસી પ્રજા પોતાની સાંસ્કૃતિક વિરાસત ને ઉજાગર કરી જીવંત રાખવા નો હંમેશ પ્રયાસ કરે છે જેના ભાગરૂપે તહેવાર ની જરુરી સામુહિક ખરીદી સાથે વર્ષ દરમિયાન ખેતી કામ અને ખેતમજૂરી ની વ્યસ્તતા માંથી બહાર નીકળી હળવાશ અનુભવી પોતાના પારંપરિક વસ્ત્રો માં સજ્જ થઈ પોતે સ્વયં દ્વારા નિર્મિત પારંપારિક આદિવાસી વાજિંત્રો મોટલા ઢોલ, વાંહળી , થાળી તથા દદુડી તાલે આદિવાસીઓ ની ઓળખ સમાન ધારીયા,પાળીયા,તીર કામઠા હાથમાં લઈ ભંગોરીયા હાટ માં મન મૂકીને સામુહિક નાચગાન કરી ખુબ આનંદ લુંટતા હોય છે.

ત્રણ રાજ્યોમાં વસતા અને ત્રણ અલગ અલગ રીતે ઓળખાતા આદિવાસીઓ નું મુળ એક છોટાઉદેપુર જિલ્લાના રાઠવા આદિવાસીઓ અને ગુજરાત સરહદી મધ્યપ્રદેશ વિસ્તારોમાં વસતા ભીલાલા આદિવાસી ઓ તેમજ નર્મદા કિનારાના નંદુરબાર મહારાષ્ટ્ર માં વસવાટ કરતા પાવરા એક જ કુળગોત્ર ધરાવતા આદિવાસીઓ હોય, જેથી બંને રાજ્યોમાં વસતા આદિવાસી ની બોલી ભાષા, રહેણીકરણી, રિત રિવાજો માં પણ સમાનતા હોય રોટી બેટી વ્યવહાર થી લઈને તમામ સામાજિક વ્યવહારો માં સમાનતા જોવા મળે છે.

AI અને ટેકનોલોજીના અજોડ પ્રદર્શનથી સૌ મંત્રમુગ્ધ

## પાદરાની ગીતાંજલિ વિદ્યાલયમાં તાલુકા કક્ષાનો 'રોબોટિક્સ ફેર' ધામધૂમથી શરૂ

**શાળાના ૬૫થી** વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને ૩૦થી વધુ અત્યાધુનિક પ્રોજેક્ટ્સ રજૂ કર્યા

(પ્રતિનિધિ) પાદરા, તા.23

આધુનિક ટેકનોલોજીના યુગમાં વિદ્યાર્થીઓને પ્રયોગાત્મક પ્લેટફોર્મ પૂરું પાડવાના હેતુથી યોજાયેલ આ મેળામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર વિવિધ નવીન કૃતિઓ રજૂ કરી સૌનું ધ્યાન ખેંચ્યું હતું.



પાદરા સ્થિત ગીતાંજલિ વિદ્યાલયમાં આજ રોજ ત્રીજા તાલુકા કક્ષાના ભવ્ય 'રોબોટિક્સ ફેર' નું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓની આધુનિક વિચારશક્તિ, ટેકનિકલ કુશળતા અને નવીનતા આ મેળામાં સ્પષ્ટપણે ઝળહળી ઊઠી હતી. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને કોડિંગ આધારિત પ્રોજેક્ટ્સે ઉપસ્થિત મહાનુભાવોથી લઈને વાલીઓ સુધી સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

શિક્ષણ ક્ષેત્રે આગવું સ્થાન ધરાવતી ગીતાંજલિ વિદ્યાલય દ્વારા યોજાયેલા આ મેળામાં વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા ચમકી હતી મેળામાં શાળાના ૬૫થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને ૩૦થી વધુ અત્યાધુનિક પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. ભવિષ્યમુખી ટેકનોલોજીને ધ્યાનમાં રાખીને બનાવાયેલા પ્રોજેક્ટ્સ ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.